| | |
|---|---|
| રજૂ તારીખ | ૨૪/૦૫/૨૦૨૧ |
| દાખલ તારીખ | ૨૪/૦૫/૨૦૨૧ |
| ફેંસલ તારીખ | ૨૧/૦૬/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ:૦૭ માસ:૦૧ દિન:૦૨ |

**એમ્પલોઈઝ કોમ્પેનસેશન કમિશનરશ્રી, વડોદરા સમક્ષ.**

**વર્કમેન કોમ્પેનસેશન (નોન–ફેટલ) નં. ૮/૨૦૨૧**
**આંક–૧૬**

| | | ઉ.વ.આ. | ધંધો |
|---|---|---|---|
| **અરજદાર:** | **હંસાબેન ધર્મેન્દ્રકુમાર વણકર**<br>મુ.પો.અનગઢ, તા.જી.વડોદરા,<br>સી/ઓ ગુજરાત જનરલ કામદાર સેના,<br>૨૦૩,બકોર પટેલ ચેમ્બર્સ,ભુતડીઝાંપા,વડોદરા | ૩૪ | હાલ બેકાર. |

**વિરૂધ્ધ**

**સામાવાળા:** **હિયા ફુડસ,**
સર્વે નં. ૩૧૦/૨, જયંત એગ્રો પાસે, હેટ્રી ઈન્ડીયા પાછળ,
કોયલી નંદેશરી રોડ, મુ.પો.ધનોરા તા.જી. વડોદરા.

**હાજર રહ્યા :**
અરજદાર તરફે : વિધ્વાન યુનિયન પ્રતિનિધિ ઈદ્રીસ આઈ.વોરા.
સામાવાળા તરફે : ગેરહાજર

**વિષય : વર્કમેન કોમ્પેનશેસન એકટ ૧૯૨૩ ની કલમ (૪) મુજબ કાયમી ખોડ નુ વળતર મેળવવા અરજ.**

**:: હુ ક મ ::**

(૧). અરજદારની અરજીની સંક્ષિપ્ત હકીકતો એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં તા ૨૪/૪/૨૦૧૯ થી નોકરીમાં જોડાયેલા અને હેલ્પર તરીકે કામ કરતા હતા અને સામાવાળા તેઓને માસિક પગાર રૂા. ૬૦૦૦/- પ્રમાણે પગાર ચુકવણી બદલ પગાર પાવતી આપતા ન હતા. બનાવ સમયે અરજદાર સામાવાળા સંસ્થામાં તા. ૨૯/૧૧ /૨૦૧૯ ના રોજ રાબેતા મુજબ સવારે ૯-૦૦ થી સાંજના ૫ - વાગ્યા સુધીની ફરજ પર હાજર થયેલા અને તે દરમ્યાન બપોરે ૧૨-૩૦ વાગ્યાનાં સુમારે થેપલા બનાવવાનાં મશીનમાં જમણો હાથ આવી જતાં હાથની ચાર આંગણીઓ કપાઈ ગયેલ જેથી અરજદારને તાત્કાલિક સારવાર અર્થે અભિષેક હોસ્પીટલ શિવાલીક કોમ્પલેક્ષ સીતારામ કોમ્પલેક્ષની બાજુમાં સુભાનપુરા મેઈન રોડ, વડોદરા ખાતે દાખલ કરેલ સદર હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે એક અઠવાડીયા સુધી દાખલ રાખેલા ત્યારબાદ તેઓને ડ્રેસીંગ માટે એક માસ સુધી બોલાવેલ ત્યાર બાદ સામાવાળાએ અરજદારને સરકારી હોસ્પિટલ જી.એમ.ઈ.આર.એસ. ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરાવેલ અને સદર હોસ્પિટલમાં ઓપરેશન કરાવેલ જ્યાં તેઓને ૧૫ દિવસ સુધી સારવાર હેઠળ રાખેલા પરંતુ તેઓના જમણા હાથની ચારેય આંગળીઓ ગુમાવેલ જેના કારણે કાયમી ખોડ રહેલ છે.

(૨). અરજદાર સામાવાળા કંપનીમાં તા. ૨૯/૧૧/૨૦૧૯ નાં રોજ ફરજ દરમ્યાન થેપલા બનાવવાનાં મશીનમાં જમણો હાથ આવી જતાં તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરેલ અને અકસ્માત બદલ ઓપરેશન કરવામાં આવેલ અને તેઓએ કાયમ માટે જમણા હાથની ચારેય આંગળીઓ ગુમાવેલ. જેથી તેઓને સદર અકસ્માત થયા બાદ સામાવાળએ કોઈ વળતર ચુકવેલ નહી કે નામદાર કમીશ્નર સાહેબ સમક્ષ જમા કરાવેલ નહી અને ત્યાર બાદ ડોકટરની સુચના મુજબ હળવા

પ્રકારની કામગીરી કરવાની સલાહ આપતા અરજદારે સામાવાળાને ત્યાં જઈ હળવા પ્ર કારની કામગીરી આપવા વિનંતી કરતા સામાવાળા અરજદારને જે પગાર માસિક પગાર રૂા.૬,૦૦૦/- ચુકવતા હતાં તેને બદલે માસિક પગાર રૂા. ૫,૦૦૦/- ચુકવવાની શરતે નોકરીમાં રાખેલા પરંતુ તેઓને કોઈ વળતર ચુકવેલ નહી. જેથી અરજદારે ગુજરાત જનરલ કામદાર સેના મારફતે તા. ૨૨/૧૦/૨૦૨૦ ની નોટીસ પાઠવી વળતર ચુકવવા જણાવેલ પરંતુ સામાવાળાએ કોઈ જવાબ આપેલ નહી તેમ છતાં અરજદારે સદર નોટીસ ફરીથી બિડાણ કરી રજી.પોસ્ટ દ્રારા મોકલેલ તેમ છતાં વળતર ચુકવેલ નહી કે કોઈ જવાબ આપેલ નહી જેથી અરજદારે ફરજ દરમ્યાન થયેલ અકસ્માત બદલ આવેલ કાયમી ખોડ નું વળતર મેળવવા હાલની અરજ કરવાની ફરજ પડેલ છે.

**(૩).** અરજદારને પરોક્ષ રીતે વ્યવસાયિક ખોડ ૫૦ % થાય છે. અકસ્માત એમ્પ્લોઈઝ કોમ્પેનસેશન એકટ હેઠળ આવરી લેવામાં આવેલ છે. અરજદારની ઉંમર અકસ્માત સમયે ૩૩ વર્ષ હતી અને તેમનુ અવયવ (ફેકટર) ૨૦૧.૬૬ થાય છે અરજદાર પગારના કુલ વળતરની રકમ તથા મેડીકલ ખર્ચ અને અન્ય ખર્ચ મળીને કુલ રૂા.૩,૬૨,૯૮૮/- મેળવવા હકકદાર થાય હોય, બનાવની જાણ સામાવાળાઓને હોવા છતાં સામાવાળાએ વળતરની રકમ ચુકવેલ નથી. આમ, સદર અરજદારની હકીકતોને ધ્યાનમાં લઈ વળતરની રકમ રૂા.૧,૫૦,૦૦૦ તેના ઉપર ૫૦ % પેનલ્ટી તથા અકસ્માત તારીખથી ૧૮% વ્યાજ સામાવાળાઓ પાસેથી ચુકવી આપવા અરજ કરેલ છે.

**(૨)** સદર કામે અરજદારે સામાવાળાને આંક-૫ થી નોટીસ મોકલેલ છે જે બજી ગયેલ તેની આર. પી. એ.ડી. પહોંચ બજેલ છે જે આંક-૦૬ થી રજુ છે. આમ સામાવાળા તરફે કોઈ હાજર થયેલ ન હોય કે કોઈ રીપોર્ટ આપેલ નથી તેથી અરજદારે આંક-૭ થી અરજી આપેલ સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૩)** ત્યારબાદ પક્ષકારોએ નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ

પોતપોતાના કેસના સમર્થનમાં રજુ કરેલ છે.

**અરજદારનો પુરાવો :–**

| આંક | વિગત | તારીખ |
|---|---|---|
| ૧૧ | અરજદાર હંસાબેન ધર્મેન્દ્ર કુમાર વણકરની મૌખિક જુબાની | ૨૪/૦૫/૨૦૨૧ |

**દસ્તાવેજી પુરાવા:–**

| નિશાની | વિગત |
|---|---|
| ૨/૧ | અરજદારનાં જમણા હાથનાં આંગળીઓ સહીતનાં પંજાનો એકસરે ફોટો |
| ૨/૨ | એકસરેનું બીલ અભિષેક ઓર્થો. હોસ્પીટલ તા. ૧૦/૧૨/૨૦૧૯ |
| ૨/૩ | એકસરેનું બીલ અભિષેક ઓર્થો. હોસ્પીટલ તા. ૧૭/૧૨/૨૦૧૯ |
| ૨/૪ | અભિષેક હોસ્પીટલનાં ડોકટરની નોટીસ તા. ૧૭/૧૨/૨૦૧૯ |
| ૨/૫ | અરજદાર હંસાબેન નુ સ્કુલ લીવીંગ સર્ટી |
| ૨/૬ | અરજદારને જી.એમ.ઈ.આર એસ.જ.હો. દ્રારા આપેલ પ્રમાણપત્ર તા.૧ ૪/૨/૨૦ |
| ૨/૭ | એસ.એસ.જી હોસ્પીટલ દ્રારા આપવામાં આવેલ કાયમી ખોડનુ સર્ટીફીકેટ તા. ૨૦/૨/૨૦૨૦ |
| ૨/૮ | વળતર ચુકવવા અંગે ગુજરાત જનરલ કામદાર દ્રારા પાઠવેલ નોટીસ તા. ૨૨/૧૦/૨૦૨૦ |
| ૨/૯ | તા. ૨૨/૧૦/૨૦૨૦ ની નોટીસ રજી.એ.ડી કર્યા અંગેની રસીદ અસલ. |
| ૨/૧૦ | તા. ૨૨/૧૦/૨૦૨૦ ની નોટીસ મળી ગયા અંગેની સર્ટી નેટ દ્રારા કાઢેલ રસીદ. |
| ૮/૧ | અભિષેક હોસ્પીટલના ડોકટર. લખી આપેલ દવાનો પત્ર તા. ૨૯/૧૧ /૧૯ |
| ૮/૨ | તા. ૨૯/૧૧/૧૯ નાં રોજ પાડેલ એકસરે ફોટોગ્રાફ |
| ૧૦/૧ | ૨૬ એ ૨૦૧૪ લઘુતમ વેતન ધારા હેઠળ સરકારશ્રીનું બેઝીક પગારનું જાહેરનામું પેજ ૧ થી ૨ |

| | |
|---|---|
| ૧૦/૨ | તા. ૧/૧૦/૧૯ થી ૩૧/૩/૨૦૧૯ સુધીનું ખાસ મોઘંવારી ભથ્થાનું જાહેરનામુ |
| ૧૦/૩ | ફોટોગ્રાફ જમણાં હાથનો |

**<u>પ્રથમ પક્ષકાર /સામાવાળા ના પુરાવા:–</u>**

સામાવાળા તરફે કોઈ હાજર રહેતા ન હોય, અરજદાર તરફે આંક–૧૫ ની અરજી આપી સામાવાળા નો પુરાવાનો હકકબંધ કરેલ છે.

**(૪)** ત્યારબાદ સદર કામે અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી. સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા સામાવાળા નો દલીલોનો હકકબંધ કરેલ છે. આ દલીલોની હાલના તબકકે ચર્ચા ન કરતા પુરાવાના મુલ્યાંકન વખતે કરવામાં આવશે.

**(૫)** આમ ઉપરોકત હકીકત હોય, સદરહું અરજીના ન્યાયિક નિર્ણય સારૂ મારા પુરોગામી ન્યાયાધીશ ધ્વારા આંક–૮ થી નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરવામાં આવેલા.

**<u>:: મુદ્દા ::</u>**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ અકસ્માત સમયે સામાવાળાના કામદાર હતા?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, તેમને થયેલ અકસ્માત સામાવાળાએ સોંપેલ ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે કામ કરવાના પરિણામે થયેલ હતો?

(૩) શું અરજદાર આ કામે અકસ્માત થવા થી તેઓ તેમની કમાવવાની ક્ષમતા ગુમાવેલ છે ?

(૪) શું અરજદાર અકસ્માત સમયેની પોતાની ઉંમર અને આવક પુરવાર કરે છે ?

(૫) શું અરજદાર સામાવાળાઓ પાસેથી અકસ્માત વળતરની રકમ મેળવવા હકકદાર છે ? જો હાં, તો કેટલું અને શા માટે?

(૬) શું અરજદાર સામાવાળાઓ પાસેથી વ્યાજ અને પેનલ્ટી પેટે કોઈ રકમ મેળવવા હકકદાર છે ? જો હા, તો કેટલી અને શા માટે?

(૭) શું હુકમ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓનો મારો ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) હકારમાં

મુદ્દા નં. (૨) હકારમાં

મુદ્દા નં. (૩) માસિક પગાર રૂા.૬,૦૦૦/– તથા ઉંમર વર્ષ–૩૩.

મુદ્દા નં. (૪) આખરી હુકમ મુજબ

મુદ્દા નં. (૫) આખરી હુકમ મુજબ

મુદ્દા નં. (૬) આખરી હુકમ મુજબ

મુદ્દા નં. (૭). આખરી હુકમ મુજબ.

**<u>:: કારણો ::</u>**

**<u>મુદ્દા નંબરઃ– ૧ તથા ૨ ના તારણોઃ–</u>**

**(૭)** અરજદારે તેમની અરજી અને આંક–૧૧ થી રજુ થયેલ સોગંદ ઉપરની જુબાનીમાં સામાવાળા બનાવ સમયે ના માલિક હોવાની તેમજ અરજદાર હેલ્પર કમ ઓપરેટર તરીકે ફરજો બજાવતા હોવાની તેમજ સામાવાળાએ અરજદારને નોકરીના કોઈ પુરાવા આપેલા નહી તેમજ કોઈ ઓળખપત્ર કે આઈકાર્ડ તથા પગાર પાવતી આપેલ નહી હોવાની તેમજ સામાવાળા અરજદારના માલિક હોય તેઓ બંને વચ્ચે નોકર માલિકનો સંબંધ હોવાનો સામાવાળાને ત્યાં કુડસ બનાવવાનું ઉત્પાદન અરજદાર સામાવાળાના હુકમો

તથા આદેશોનું પાલન કરતા હતા. અરજદારને માસિક પગાર ૬,૦૦૦/– મળતો હતો. અરજદાર તા. ૨૯/૧૧/૨૦૧૯ નાં રોજ તેઓની ફરજના સમયે તેઓનો જમણો હાથ મશીનમા આવી ગયેલ જેનાં કારણે તેઓના જમણા હાથની આંગળીઓ કપાઈ ગયેલ. જેથી તેઓને તાત્કાલિક  સારવાર અર્થે અભિષેક હોસ્પિટલ લઈ ગયેલા અને અંદરના દર્દી તરીકે એક અઠવાડીયા સુધી દાખલ રાખેલા. સામાવાળાએ ત્યારબાદ સરકારી હોસ્પિટલમાં તેઓનુ ઓપરેશન કરેલ  અને તેઓને ૧૫ દિવસ સુધી સારવાર હેઠળ રાખેલા. આમ અરજદારને ફરજ દરમ્યાન થયેલ અકસ્માતનાં કારણે જમણાં હાથની આંગળીઓ કાયમ માટે ગુમાવેલ અને તેઓને કાયમી ખોડ રહી ગયેલ છે. આમ ફરજ દરમ્યાન અકસ્માતનાં કારણે કાયમી ખોડ આવેલ તેમ છતાં સામાવાળાએ અરજદારને કોઈ વળતર ચુકવેલ નહી અને સદર જુબાની અનચેલેંજ રહેલ હોય તેથી સદર જુબાની ન માનવાને કોઈ કારણ જણાતું નથી. આમ અરજદાર  અકસ્માત સમયે સામાવાળાના કામદાર હતા તથા તેમને થયેલ અકસ્માત સામાવાળાએ સોંપેલ ફરજ દરમ્યાન  અને ફરજના ભાગરૂપે કામ કરવાના પરિણામે થયેલ હતુ તેવુ સાબિત થાય છે. આમ મુદ્દા નં.૧ તથા ૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર :–૨ ના તારણો :–</u>**

(૮).  અરજદારે તેમની અરજી અને આંક–૧૧ થી રજુ થયેલ સોગંદ ઉપરની જુબાનીમાં ફરજ દરમિયાન અકસ્માત બદલ ઓપરેશન કરવામાં આવેલ અને તેઓએ કાયમ માટે જમણા હાથની ચારેય આંગળીઓ ગુમાવેલ છે. જેથી તેઓને સદર અકસ્માત થયા બાદ સામાવાળએ કોઈ વળતર ચુકવેલ નહી કે નામદાર કમીશ્નર સાહેબ સમક્ષ જમા કરાવેલ નહી અને ત્યાર બાદ ડોકટરની સુચના મુજબ હળવા પ્રકારની કામગીરી કરવાની સલાહ આપતા અરજદારે સામાવાળાને ત્યાં જઈ હળવા પ્રકારની કામગીરી આપવા

વિનંતી કરતા સામાવાળા અરજદારને જે પગાર માસિક પગાર રૂા.૬,૦૦૦/– ચુકવતા હતાં તેને બદલે માસિક પગાર રૂા. ૫,૦૦૦/– ચુકવવાની શરતે નોકરીમાં રાખેલ છે. આમ અકસ્માત થતા તેમને જમણા હાથની ચારેય આંગળીઓ ગુમાવેલ હોવાથી તેઓએ કમાવવાની ક્ષમતા ગુમાવેલ છે અને સદર જુબાની અનચેલેંજ રહેલ હોય તેથી સદર જુબાની ન માનવાને કોઈ કારણ જણાતું નથી. આમ મુદ્દા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૪, ૫, ૬ અને ૭ ના સંયુકત તારણો:–</u>**

(૯). આંક–૧૧ ના સોગંદનામુ વંચાણે લેતાઅરજદારની ઉંમર અકસ્માત સમયે ૩૩ વર્ષ હોવાનુ જણાવેલ છે તેમજ અરજદારે નિ.૨/૫ થી સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ રજુ કરેલ છે તે વંચાણે લેતા તેમની જન્મ તારીખ ૧૮/૦૪/૧૯૮૬ છે અને તા. ૨૯/૧૧/૨૦૧૯ નાં રોજ અકસ્માત થયેલ છે. આમ અરજદાર ની અકસ્માત સમયે ૩૩ વરસ ની ઉમર હતી તેવુ પુરવાર થાય છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં અરજદારને સામાવાળાઓની નોકરી દરમ્યાન અકસ્માત થયેલ હોવાનું જણાય આવતુ હોય સામાવાળાઓ અરજદારને વળતર અને સારવાર ખર્ચ ચુકવવા જવાબદાર બને છે. જયાં સુધી વળતરની રકમનો સંબંધ છે ત્યાં સુધી અરજદારનો માસિક પગાર **રૂા.૬,૦૦૦/–** થાય છે. અને તેને ફેકટર વડે ગુણાકાર કરતા હાલના કામે લાગુ ફેકટર ૨૦૧.૬૬ થાય છે. વધુમાં અરજદાર તરફે નિ.૨/૭ થી તેઓનુ ડીસેબ્લિટી સર્ટીફીકેટ રજુ છે તે વંચાણે લેતા ૩૫ ટકા ખોડ હોવાનુ જણાવેલ છે પરંતુ એમ્પલોઈ કંપનશેસન એકટ અન્વયે આપેલ શિડયુલ ૧ પાર્ટ– ૨ વંચાણે લેતા તેમા જયારે કોઈ પણ હાથ ની ચાર આંગળીઓ કપાયેલ હોય તો ૫૦ ટકા ખોડ હોવાનુ ન્યાયાલય માની શકે છે.

આમ અરજદારના પગારની રકમ રૂ.૬૦૦૦/– ના ૫૦ ટકા કરતા તેમનો માસિક પગાર રૂ.૩૦૦૦/– થાય છે તેથી ૩૦૦૦×૨૦૧.૬૬ કરતા તેમનો કુલ વળતર **રૂ.૬,૦૪,૯૮૦/–** થાય છે. આમ અરજદાર કુલ વળતર **રૂ.૬,૦૪,૯૮૦/–** મેળવવા હકકદાર થતા હોય અત્રેની અદાલતનું માનવું છે. જયારે અરજદાર આ રકમ ઉપર વ્યાજ મેળવવા પણ હકકદાર થાય છે અને રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેતાં સામાવાળાએ આજ દિન સુધી અરજદારને કોઈ વળતર ચુકવી આપેલ હોય તેવી હકીકત સ્પષ્ટ ફલીત થતી ન હોય, ઈ.સી.એકટ, ૧૯૨૩ની જોગવાઈ મુજબ માલિકે સમયસર વળતરની રકમ કામદારને ચુકવી આપેલ ન હોય, કામદાર માલિક પાસેથી વળતરના રકમના ૫૦% રકમ પેનલ્ટીરૂપે તથા સદર રકમ પર અકસ્માત તારીખ થી ૧૨ ટકા વ્યાજ મેળવવા હકદાર થતા હોય મુદ્દા નંબર ૪, ૫ અને ૬નો જવાબ તે રીતે આપી મુદ્દા નંબર ૭ પરત્વે નીચે મુજબનો જવાબ અંશત: હકારમાં આપી આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) અરજદારની હાલની અરજી અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદાર સામાવાળા પાસેથી તેઓને થયેલ અકસ્માતને કારણે થયેલ ઈજાના કારણે રહેલ આંશિક અસમર્થતા વળતરની રકમ **રૂ. ૬,૦૪,૯૮૦/–**(અંકે રૂપિયા છ લાખ ચાર હજાર નવ સો એસ્સી પુરા) મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) અરજદાર વળતરની રકમ **રૂ. ૬,૦૪,૯૮૦/–** ઉપર અકસ્માત તારીખના એક માસ બાદ એટલે કે તા.૨૯/૧૨/૨૦૧૯ થી રકમ વસુલ થતાં સુધી ૧૨% લેખે સાદુ વ્યાજ સામાવાળા પાસેથી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૪) અરજદાર સામાવાળા પાસેથી વળતરની રકમ **રૂ.૩,૦૨,૪૯૦/–** (અંકે રૂપિયા

ત્રણ લાખ બે હજાર ચાર સો નેવું પુરા) ના ૫૦% લેખે પેનલ્ટી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૫)** હાલના અરજીના ખર્ચની રકમ રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) અરજદારને અલગથી ચૂકવવવા હુકમ કરવામાં આવે છે.

**(૬)** સામાવાળાએ હુકમની જાણ થયાના દિન–૩૦ માં અરજદારને ચૂકવવાપાત્ર થતી રકમ અત્રેની અદાલતમાં જમા કરાવવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૨૧/૦૬/૨૦૨૨**
**સ્થળ : વડોદરા.**
જે.એ.મકવાણા –પી.એ.

**(નારાયણલાલ શર્મા)**
**કમિશનર કર્મચારી વળતર અધિનિયમ,**
**મજુર અદાલત નં.૪, વડોદરા.**
(**U.I.C.NO.GJ01439**)